# ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.

**કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,**
**પોલીસ હેડ કવાટર્સ, બ્લોક નં. ૧૫ની નજીક, રેસકોર્સ રીંગ રોડ,**
**રાજકોટ–૩૬૦ ૦૦૧. ફોન/ફેકસ :– (૦૨૮૧) ૨૪૪૯૯૪૪**
**(રજીસ્ટર્ડ ઓફીસ : ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.નાગરીક પુરવઠા**
**નિગમનુ સંકુલ સેકટર–૧૦/એ, ચ–રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦)**
**CIN : U45201GJ1988SGC011453 EMAIL : eerjt.gsphc@yahoo.in**

## ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૭ (૨૦૧૭–૨૦૧૮)

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના તથા રાજ્ય સરકારશ્રી હસ્તકનાં બાંધકામ વિભાગોના ઠેકેદારોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓ પાસેથી નીચેના તમામ કામોના ટેન્ડરો નીચે દર્શાવેલ તારીખ સુધીમાં મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે. અનુ.નંબર ૧ થી ૬ ના ટેન્ડર ફોર્મ ઈ–ટેન્ડરીંગ પધ્ધતિથી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમની વિભાગીય કચેરી, પોલીસ હેડ કવાટર્સ, બ્લોકનં.બી–૧૫ ની બાજુમાં, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧(ટે.નં.૦૨૮૧૨૪૪૯૯૪૪) ની કચેરી ધ્વારા મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ફકત https://gsphc,nprocure.com પર નીચે જણાવેલ તારીખથી ઉપલબ્ધ રહેશે તથા નીચે જણાવેલ તારીખ સુધીમાં ઓન લાઈન સબમીટ કરવાનું રહેશે. જરૂરી ટેન્ડર ફીનો ડીમાંન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર(રાજકોટ ખાતે ચૂકવવા પાત્રનો જ), બાનાની રકમ, તાજા નોંધણીનું પ્રમાણપત્ર, બેંક સોલવંશી સર્ટિફીકેટ અંદાજીત રકમના ૨૫% લેખે) છેલ્લા વર્ષનું આવકવેરાનું રીટર્ન ફાઈલ કર્યા અંગેની કોપી, પ્રોવિડન્ડ ફંડ રજીસ્ટ્રેશન, ભાગીદારી ખત, ઈલેકટ્રીક લાઈસન્સ (ફકત વિજળીકરણના કામો માટે) વગેરેની તેમજ ટેન્ડરમાં માગ્યા મુજબના **તમામ ઓરીજીનલ દસ્તાવેજો ઓન લાઈન સ્કેન કરી મૂકવા ફરજીયાત છે.** તેમજ બાનાની રકમ, તથા ટેન્ડર ફી તેમજ **રૂા.૧૦૦/–નો સ્ટેમ્પ પેપર એફીડેવીડ બોન્ડ અસલમાં** રજુ કરવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી શીલ્ડ કવર નીચે જણાવેલ તારીખ સુધીમા ઉપરોકત સરનામે રૂબરૂ રજી.પો.સ્ટ .એડી/સ્પીડ પોસ્ટ થી અવશ્ય રજુ કરવાનું રહેશે. નિર્ધારીત તારીખ સુધીમાં ઉપરોકત તમામ દસ્તાવેજો બાનાની રકમ, તથા ટેન્ડર ફી તેમજ **રૂા.૧૦૦/–નો સ્ટેમ્પ પેપર એફીડેવીડ બોન્ડ અસલમાં** ફરજીયાત રજુ કરવાના રહેશે. રૂબરૂ પોસ્ટ થી ટેન્ડર આપવામાં/મોકલવામાં આવશે નહી. જરૂરી દસ્તાવેજો તથા ટેન્ડર ફી તેમજ બાનાની રકમનું કવર રજુ કરવાની છેલ્લી તારીખે આકસ્મીક કારણોસર જો રજા જાહેર થાય તો ત્યાર પછીના ચાલુ દીવસે રજુ કરી શકાશે. આ અંગેની માહિતી નિગમની વેબસાઈટ WWW.gsphc.gujarat.gov.in તથા માહિતી ખાતાની વેબ સાઈટ www.Statetenders.com ઉપર પણ ઉપલબ્ધ છે. બાનાની રકમ ભરવામાંથી મકિતનું પ્રમાણપત્ર ફકત પોલીસ આવાસ નિગમનું જ ગ્રાહય રાખવામાં આવશે.

| અનુનં | કામનું નામ | (૧) અંદાજીત રકમ (રૂા.)<br>(૩) ટેન્ડર ફી (રૂા.) | (૨) બાનાની રકમ (રૂા.)<br>(૪) કક્ષા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ જીલ્લાના ઘંટેશ્વર એસ.આર.પી.ગ્રુપ.૧૩ ખાતે કેટે–ડી–૧ અને ડી–૨ પાછળ આવેલ હયાત તળાવ ઉંડુ કરવાનું કામ. | (૧) ૪,૭૫,૯૪૦.૦૦<br>(૩) ૬૦૦.૦૦ | (૨) ૯,૫૧૯.૦૦<br>(૪) ઈ–૨ અને ઉપર |
| ૨ | જામનગર જીલ્લાના એસ.આર.પી.ગ્રુપ.૧૭ ચેલા ખાતે નવી બનાવેલી કમ્પાઉન્ડ દિવાલ ઉપર કોન્સર્ટીના લગાવવાનું કામ તથા જૂના એ–૦૮ અને બી–૦૪ બ્લોકનું કલરનું કામ. | (૧) ૪,૭૬,૧૦૦.૦૦<br>(૩) ૬૦૦.૦૦ | (૨) ૯,૫૨૨.૦૦<br>(૪) ઈ–૨ અને ઉપર |
| ૩ | કચ્છ જીલ્લાના પાલારા ખાસ જેલ ખાતે પોલીસ આવાસો કક્ષા–બી–૪૮, સી–૩ તથા ડી–૦૪ માં ખાસ મરામતનું કામ. | (૧) ૨૨,૩૬,૩૫૭–૦૭<br>(૩) ૯૦૦.૦૦ | (૨) ૨૨,૩૬૪–૦૦<br>(૪) ઈ–૧ અને ઉપર |
| ૪ | કચ્છ જીલ્લાના ગાંધીધામ ખાતે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ રૂમના બાંધકામનું કામ.<br>(વિજળીકરણ તથા ફર્નિચર સહીત)(ચોથો પ્રયત્ન)<br>(ડી.જી.પી. પ્રાયોરીટી ૨૦૧૭–૧૮ અંતર્ગત) | (૧) ૯૨,૫૨,૬૧૬.૯૦<br>(૩) ૨૪૦૦.૦૦ | (૨) ૯૨,૫૨૬.૦૦<br>(૪) ખાસ કક્ષા–III અને ઉપર |

| | | | |
|---|---|---|---|
| ૫ | રાજકોટ જીલ્લાના જેતપુર સીટી પો.સ્ટે., ધોરાજી પો.સ્ટે.,પાટણવાવ પો.સ્ટે., ઉપલેટા પોસ્ટે., ભાયાવદર પો.સ્ટે., કોટડા સાંગાણી પો.સ્ટે., લોધીકા પો.સ્ટે. તથા ગોડલ સીટી પો.સ્ટે. ખાતે અને મોરબી જીલ્લાના ડીસ્ટ્રીકટ કન્ટ્રોલ રૂમ, હળવદ પો.સ્ટે. તથા વાંકાનેર સીટી.પો.સ્ટે. ખાતે નવા રાજકોટ ડીસ્ટ્રીકટ કન્ટ્રોલ રૂમ ખાતે નવા જામનગર જીલ્લાના ગોપ રીપીટર સ્ટેશન ખાતે તથા દેભૂમિ ધ્વારકા જીલ્લાના ડીસ્ટ્રીકટ કન્ટ્રોલ રૂમ તથા કચ્છ (પૂર્વ) જીલ્લાનાં ગાંધીધામ ડીસ્ટ્રીકટ કન્ટ્રોલ રૂમ ખાતે એમ કુલ–૧૫ લોકેશન ઉપર મોનોપોલ ટાઈપ એરીયલ માસ્ટનું બાંધકામ. | (૧) ૧,૫૬,૫૮,૩૪૩.૯૫<br>(૩) ૩૩૦૦.૦૦ | (૨) ૧,૫૬,૫૮૪.૦૦<br>(૪) કક્ષા–બી અને ઉપર |
| ૬ | રાજકોટ વિભાગીય કચેરી હેઠળના વિવિધ જીલ્લાઓ જેમકે રાજકોટ શહેર અને રાજકોટ જીલ્લો મોરબી, કચ્છ(પશ્ચિમ), કચ્છ (પૂર્વ), જામનગર અને દેવભૂમિ ધ્વારકાના જીલ્લાઓમાં પોલીસ ખાતાના રહેણાંક તથા બિન રહેણાંક મકાનો માટે વાર્ષિક ધોરણે માટી પરીક્ષણના કામ બાબત. ( બે વર્ષનો ભાવ કરાર) (ત્રીજો પ્રયત્ન) | (૧) વાર્ષિક ભાવ કરાર<br>(૩) ૧૫૦૦.૦૦ | (૨) ૨૫,૦૦૦.૦૦<br>(૪) નીચે જણાવેલ ખાસ નોંધ મુજબ. |

**ખાસ નોંધઃ– અનુક્રમનં.૦૪ ના કામો માટે** – ઈજારદારશ્રી ધ્વારા છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછુ રૂા.૯.૮૮ લાખનું એક જ કામ ઓફીસ ઈન્ટીરીયર ફર્નિચરને લગત કરેલ હોવુ જોઈએ જો ન કરેલ હોય તો તેવા કરેલા કામના ફર્નિચરના ઈજારદારશ્રી સાથે જોઈન્ટ વેન્ચર કરવાનું રહેશે. જેનું એફીડેવીડ સદર કામના દસ્તાવેજ સાથે ઓનલાઈન સ્કેન કરીને રજુ કરવાનું ફરજીયાત રહેશે.

**ખાસ નોંધઃ– અનુક્રમનં.૦૫ ના કામો માટે –** ઈલેકટ્રીકલ્સ તેમજ સિવીલનું યોગ્ય કક્ષાનું રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ કે જેઓ આવા કામોનો અનુભવ ધરાવતા હોય તેઓ તથા ઈલેકટ્રીકલ અને સિવીલ ઈજારદારશ્રી અનુભવના આધારે એકબીજા સાથે એમ.ઓ.યુ.કરી ટેન્ડર ભરી શકશે. આ એમ.ઓ.યુ. કર્યાનો આધાર પુરાવાઓ સ્કેન કરી ઓનલાઈન રજુ કરવાનું ફરજીયાત રહેશે.

**ખાસ નોંધઃ– અનુક્રમનં.૦૬ ના કામ માટે –** માટી પરીક્ષણના કામોના ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા તથા પોતાની પ્રયોગશાળા અને માટીના સેમ્પલો લેવા માટેના સાધનો ધરાવતા ઈજારદારશ્રી ઈસમોએ જરૂરી આધાર પુરાવા તથા રૂા.૨૫.૦૦ લાખનુ સોલ્વન્સી સર્ટીફીકેટ,ઈન્કમટેક્ષનુ છેલ્લા વર્ષનુ રીટર્નની નકલ, પ્રોવીડન્ડ ફંડ રજીસ્ટ્રેશનની નકલ, સર્વિસટેક્ષ રજીસ્ટ્રેશન અથવા ગુડસ એન્ડ સર્વિસટેક્ષ(જી.એસ.ટી.) સર્ટિફીકેટ, ભાગીદારી ખતની ખરી નકલો તથા બીડર્સ પ્રીકવોલીફીકેશન ક્રાયટએરીયા માટે ઈનીસીયલ સ્ક્રીનીંગને લગત તમામ ડોકયુમેન્ટસ સ્કેન કરી ઓનલાઈન રજુ કરવાના રહેશે. તથા ટેન્ડર ફી અને બાનાની રકમની એફ.ડી.આર તથા રૂા.૧૦૦ નો નોટરાઈઝડ બોન્ડ ટેન્ડરની સાથે જ અલગ કવરમાં રજુ કરવાનો રહેશે. જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં નહી આવે અથવા માન્ય ધારા ધોરણ મુજબના નહી હોય તેવા ઈજારદારશ્રીનું ટેન્ડર નોન રીસ્પોન્સીવ ગણી ખોલવામાં આવશે નહી.

| | |
|---|---|
| અનુક્રમનંબર | ૧ થી ૬ |
| ટેન્ડર ઓનલાઈન ઉપલબ્ધ થવાની તારીખ. | ૨૮/૧૨/૨૦૧૭ |
| ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ. | ૧૫/૦૧/૨૦૧૮ |
| જરૂરી દસ્તાવેજો બાનાની રકમ તથા ટેન્ડર ફી રજુ કરવાની છેલ્લી તારીખ. | ૨૪/૦૧/૨૦૧૮ |

કોઈપણ અથવા બધાજ ટેન્ડરો કોઈપણ કારણ વગર રદ્દ કરવાનો સંપૂર્ણ હકક નિગમ પાસે અબાધિત રાખવામાં આવે છે.

કાર્યપાલક ઈજનેર
ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી.,
રાજકોટ.